5th

FA4 - Guj. Revision

Q-1 MCQ. (10)

1) ઉત્તરાયણનું બીજું નામ શું છે?
અ) હોળી બ) <u>મકરસંક્રાંતિ</u> ક) સંક્રમણ

2) મકરસંક્રાંતિના દિવસેથી સૂર્ય કઈ રાશિમાં પ્રવેશ કરે છે?
અ) મેષ બ) વૃષભ ક) <u>મકર</u>

3) ઉત્તરાયણ કઈ અંગ્રેજી તારીખ પ્રમાણે ઉજવાતો એક ધાર્મિક તહેવાર છે?
અ) 14મી ફેબ્રુ બ) <u>14મી જાન્યુ</u> ક) 14મી ડિસે.

4) ઉત્તરાયણનો બીજો દિવસ શેના તરીકે મનાવાય છે?
અ) મકરસંક્રાંતિ બ) બીજી ઉત્તરાયણ ક) <u>વાસી ઉત્તરાયણ</u>

5) વિવિધ રંગ અને આકારના પતંગો કોણ ઉડાવે છે?
અ) પક્ષીઓ બ) <u>વિદેશી પતંગબાજો</u> ક) પ્રાણીઓ.

6) કયો પતંગ મહોત્સવ અનોખી વિશેષતાઓ દર્શાવે છે?
અ) મહારાષ્ટ્રનો બ) રાજસ્થાનનો ક) <u>ગુજરાતનો</u>

7) પતંગ મ્યુઝિયમ ક્યાં આવેલું છે?
અ) <u>અમદાવાદમાં</u> બ) વડોદરામાં ક) સુરતમાં

8) મમ્મી હંમેશા કેવી નજરે જુએ છે?
અ) <u>હેતભરી</u> બ) ગુસ્સાભરી ક) નારાજગીથી

9) મમ્મી આપણને શેમાં બેસાડીને વહાલ કરે છે?
અ) ગાડીમાં બ) બાઈકમાં ક) <u>ખોળામાં</u>

10) મમ્મી શેના માટે આશિષ આપે છે?
અ) રમવા માટે બ) જમવા માટે ક) જીવનમાં આગળ વધવા

11) વડોદરાનું જૂનું નામ શું છે?
અ) બડોદા બ) વટપદ્ર ક) વાસણા

12) પેશ્વાનો પાણીપતના યુદ્ધમાં પરાજય ક્યારે થયો?
અ) ઈ.સ. 1761 બ) ઈ.સ. 1861 ક) ઈ.સ. 1671

13) વડોદરાનું શાસન કોના હસ્તક આવ્યું?
અ) પેશ્વાના બ) ગાયકવાડના ક) મારવાડના.

14) ગુજરાત રાજ્યની સંસ્કાર નગરી તરીકે કયું રાજ્ય - ઓળખાય છે?
અ) સુરત બ) નવસારી ક) વડોદરા

15) વડોદરા શેનું સૌથી મહત્વનું જંક્શન છે?
અ) પૂર્વ રેલ્વે બ) ઉત્તર રેલ્વે ક) પશ્ચિમ રેલ્વે

16) વડોદરાનો જૂનામાં જૂનો બાગ કયો છે?
અ) કમાટી બાગ બ) આજવા ક) લાલ બાગ

17) આજવા સરોવરના કિનારે કયો બાગ આવેલો છે?
અ) લાલબાગ બ) વૃંદાવન બાગ ક) મથુરા બાગ

18) અઠવાડિક રજા ગાળવા માટેનું એક ખૂબ જ પ્રખ્યાત સ્થળ કયું છે?
અ) આજવા સરોવર બ) વૃંદાવન સરોવર ક) મથુરા-સરોવર

19) હોળીમાં કોનો મહિમા છે?
અ) પતંગ ચગાવવાનો બ) પ્રહ્લાદની ભક્તિનો
ક) તલની ચીકી ખાવાનો.

20) જન્માષ્ટમીનો તહેવાર શેના માટે ઊજવાતો છે?
અ) નંદકિશોરના બાળકિસ્સા ભણવાનો.
બ) ગુરુનો મહિમા ભણવાનો

પ્ર-2 નીચેના પ્રશ્નોના એક એક વાક્યમાં ઉત્તર આપો.
(કોઈપણ દસ) (10)

1) ઉત્તરાયણ શબ્દનો અર્થ લખો.
-> ઉત્તરાયણ શબ્દ એ સંસ્કૃત શબ્દ ઉત્તર (દિશા) અને અયન એટલે તરફની ગતિ, એ બે શબ્દથી બન્યો છે.

2) મકરસંક્રાંતિ શબ્દનો અર્થ લખો.
-> મકરસંક્રાંતિના દિવસથી સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે, (સંક્રમણ) કરે છે તેથી તેને મકરસંક્રાંતિ કહે છે.

3) લોકો ઉત્તરાયણનો તહેવાર કેવી રીતે મનાવે છે?
-> લોકો તલસાંકળી, બોર, શેરડી વગેરે આરોગી સૂર્યદેવની પ્રાર્થના કરી તહેવાર મનાવે છે.

4) પતંગ ચગાવવા કઈ કઈ કળા જરૂરી છે?
-> પતંગને ઊંચે આકાશમાં ચગાવવો, ગુંલાટ ભરાવવી, ઢીલ આપવી અને ખેંચ મારીને બીજાના પતંગને પેચ દ્વારા કાપવો.

5) ટુક્કલ કોને કહેવાય છે?
-> રાત્રે કાળા અંધારમાં સફેદ પતંગ અથવા પતંગ સાથે બાંધીને ફાનસ ઉડાડે છે, તેને ટુક્કલ કહે છે.

6) દર વર્ષે ઉત્તરાયણ નિમિત્તે અમદાવાદમાં શું યોજાય છે?
-> દર વર્ષે મકરસંક્રાંતિ નિમિત્તે અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ 'વર્લ્ડકપ' યોજાય છે. તેમાં 50થી વધુ દેશો ભાગ લે છે.

7) મમ્મી બાળકને કોની કોની વાતો કરે છે?
-> મમ્મી બાળકને વીરપ્રતાપ અને શિવાજીની વાતો કરે છે.

8) મમ્મી બાળકને કેવીરીતે સુવાડે છે?
-> મમ્મી બાળકને પ્રેમભર્યા હાલરડાં ગાઈને સુવાડે.

9) મમ્મી બાળકને શેના માટે આશિષ આપે છે?
-> મમ્મી બાળકને જીવનમાં આગળ વધવા આશિષ આપે છે.

10) વડોદરા શહેર કઈ નદીના કિનારે વસેલું છે?
-> વડોદરા શહેર વિશ્વામિત્રી નદીના કિનારે (કાંઠે) વસેલું છે. ગુજરાતનું સાંસ્કૃતિક નગર છે.

11) વડોદરા નામ શામાટે પડ્યું?
-> વિશ્વામિત્રી નદીના કિનારે ઘણાં વડના ઝાડ હોવાથી વડ હેઠળ વિકસેલું શહેર (વટસ્થ ઉદરે) કાળક્રમે વડોદરા બની ગયું.

12) વડોદરા શહેરમાં આજે પણ વિશ્વવિખ્યાત શું છે?
-> મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયની ફાઈન આર્ટસ કોલેજ આજે પણ વિશ્વ વિખ્યાત છે.

13) વડોદરાના મહત્વના ઉદ્યોગો ક્યાં છે?
-> વડોદરા મહત્વનું ઔદ્યોગિક કેન્દ્ર છે. જેમાં પેટ્રોકેમિકલ્સ રાસાયણિક, ટેક્સટાઈલ અને રિફાઈનરી વગેરે ઉદ્યોગો છે.

14) વડોદરાની આસપાસ ક્યા ક્યા જિલ્લા છે?
-> વડોદરાની આસપાસ પંચમહાલ જિલ્લો, દાહોદ જિલ્લો, ભરૂચ જિલ્લો, આણંદ જિલ્લો વગેરે છે.

15) સંસ્કાર નગરીમાં જોવાલાયક સ્થળો ક્યાં ક્યાં છે?
-> સયાજી બાગ, સયાજી સરોવર, ઈનોક્સ, મલ્ટીપ્લેક્સ, લાલબાગ, ઈએમઈ મંદિર, કલાઘોડા, લક્ષ્મી વિલાસ મહેલ, અરવિંદ આશ્રમ, કીર્તિ મંદિર વગેરે.

16) કમાટી બાગમાં શું શું છે?

-> કમાટી બાગમાં પ્રાણી સંગ્રહાલય, મ્યુઝિયમ, પ્લેનેટોરિયમ, સ્વાસ્થ્ય મ્યુઝિયમ, લીરલ ક્લોક, ટોય ટ્રેન વગેરે સહેલાણીઓના આકર્ષણ છે. આમાં દુર્લભ ફૂલ, છોડ, ઝાડ છે.

17) વૃંદાવન બાગનું ખાસ આકર્ષણ શું છે?

-> રંગબેરંગી પ્રકાશવાળા ફુવારા વૃંદાવન બાગનું ખાસ આકર્ષણ છે.

18) બરોડા મ્યુઝિયમમાં સંગ્રહ શેનો કર્યો છે?

-> એક ઈજિપ્શિયન મમી, ડાયનાસોરના ઈંડા અને વ્હેલ માછલીનું હાડપિંજર અહીંનો સંગ્રહ શેનો છે.

19) બરોડાની પિક્ચર ગેલેરીમાં શું મુકવામાં આવ્યું છે?

-> અહીં મુગલકાળના ચિત્રો, તાંજોર શિલ્પ, અકોટાની કાંસ્ય પ્રતિમાઓ, તિબેટથી આવેલી બુધ્ધપટ - શેનો પણ મુકવામાં આવી છે.

20) અગ્નિદેવની પૂજા ક્યાં થાય છે?

-> અગ્નિદેવની પૂજા અગિયારીમાં થાય છે. પતેતીના તહેવારના દિવસે.

પ્ર-3 ખાલી જગ્યા પૂરો :-

1) ઉત્તરાયણનો બીજો દિવસ વાસી ઉત્તરાયણ તરીકે મનાવાય છે.

2) ગુજરાતમાં સ્ત્રીઓ પણ પતંગને સારી રીતે ઉડાડી શકે છે.

10) મમ્મી શેના માટે આશિષ આપે છે?
અ) રમવા માટે બ) જમવા માટે ક) શુકનમાં સફળ થવા માટે

3) 14મી જાન્યુઆરીએ મકરસંક્રાંતિનો તહેવાર ઉજવાય છે.

4) રાત્રે પતંગ સાથે બાંધીને ફાનસ (તુક્કલ) ઉડાડે છે.

5) અમદાવાદમાં તો પતંગ મ્યુઝિયમ પણ આવેલું છ

6) અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ વર્લ્ડકપ યોજ છે.

7) વડોદરાની પૂર્વમાં મધ્યપ્રદેશ રાજ્ય આવેલું છે.

8) વડોદરા શહેર ગાયકવાડ વંશના મરાઠા રાજાનું પાટનગર છે.

9) વડોદરા પશ્ચિમ રેલ્વેનું મહત્વનું જંક્શન છે.

10) ક્રિસમસના તહેવારે ઇસુના જન્મની ઉજવણી થાય છ

11) ગુરુપૂર્ણિમાના તહેવારે ગુરુને વંદન કરવામાં આવે છે

12) હોળીમાં પ્રહ્લાદની ભક્તિનો મહિમા મળવામાં આવે છે.

13) 14મી. જાન્યુ.એ બોરડી સાથે તલની ચીકી ખાવામાં આવે છે.

14) જન્માષ્ટમીમાં નંદકિશોરના બાળકિસ્સા મળવામાં

15) કમાટી બાગ મહારાજ સયાજીરાવે ઈ.સ. ૧૮૭૯ ની સાલમાં બનાવ્યો હતો.

૧-4 નીચેના શબ્દનો ઉપયોગ કરી વાક્યપ્રયોગ કરો.

1) સંસ્કાર - વડોદરા સંસ્કાર નગરી તરીકે ઓળખાય છે.

૨) સરોવર - વડોદરા આજવા સરોવર આવેલું છે.

૩) બાગ - કમાટી બાગ વડોદરા શહેરનો જૂનામાં જૂનો બાગ છે.

4) મંદિર - વડોદરામાં કીર્તિમંદિર આવેલું છે, જે સુંદર સરસ ઈમારત છે.

5) હોળી - હોળી એ રંગોથી રમત રમવાનો તહેવાર છે.

6) જન્માષ્ટમીના દિવસે મટકી ફોડવામાં આવે છે. અને શ્રીકૃષ્ણના કિસ્સા ભજવવામાં આવે છે.

7) ઉત્તરાયણ - હર્ષ અને ઉલ્લાસભેર પતંગ ઉડાડવાનો તહેવાર છે.

8) મકરસંક્રાંતિ - મકરસંક્રાંતિના દિવસથી સૂર્ય મકરરાશિમાં પ્રવેશ (સંક્રમણ) કરે છે.

9) વાસી ઉત્તરાયણ - ઉત્તરાયણનો બીજો દિવસ વાસી ઉત્તરાયણ તરીકે મનાવવામાં આવે છે.

10) વીરપ્રતાપ - મારી વહાલી મમ્મી મને વીરપ્રતાપ અને શિવાજીની વાતો કહે છે.

**પ્રશ્ન** નીચેના શબ્દના વિરોધી શબ્દ લખો :-

1) સ્વતંત્ર × પરતંત્ર
2) ફરજીયાત × મરજીયાત
3) મીઠી × કડવી
4) માંદા × સાજા
5) હિત × અહિત
6) ઉત્તર × પ્રશ્ન
7) આગળ × પાછળ
8) હાર × જીત
9) આશિર્વાદ × શ્રાપ
10) રાત × દિવસ